સાલ : ૧૬ / સિલસિલાવાર નંબર : ૧૪૮ / શુમારો : ૪ — કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشکوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. — રજબુલ અસબ - શાઅબાનુલ કરીમ ૧૪૪૦ / માર્ચ - એપ્રિલ ૨૦૧૯

## ઝહેરીલો હલ્વો – મોઅજિઝએ નબવીયહ

મક્કતુલ મુકર્રમહમાં ઈબ્તેદાઈ ઈસ્લામના ઝમાનમાં યાઅની હિજરતને કરીબ ઘણા એવા લોગો હતા કે, જેના દિલો ખુલૂસથી નહીં બલ્કે, નિફાકથી ભરેલા હતા. ફક્ત નામના મુસલમાન હતા પણ છુપી રીતે મુશ્રિકો સાથે પણ રિશ્તો રાખતા હતા. જ્યાં એને ફાયદો દેખાય ત્યાં રૂખ બદલી દેતા હતા. મૌકાપરસ્ત અને લાલચી હતા. તેમાંથી એક મુનાફિક એવો ચાલબાઝ હતો કે, તે જે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની મજલિસમાં આવે તો કહે કે, "યા રસૂલલ્લાહ! હું હર વક્ત તમારા સાથે જ છું." પણ જે વક્ત મુશ્રિકોના ગિરોહમાં તેનું જાવાનું થાય તો તે બદમઆશી પર ઉતરી આવે. કહે કે, "**હું તો તમારા જેવો મુશ્રિક જ છું.** અરે! હું કઈ રસૂલુલ્લાહ સાથે નથી-એ તો ફક્ત હું તેની મજલિસમાં જઈને દેખાવ કરૂં છું." મુશ્રિકો કહેવા લાગા કે, જો તું સાચો હોય તો રસૂલુલ્લાહ સાથે મકર કર અને કોઈ પણ તરહથી તેને ઝહેર આપીને કત્લ કરી દે.

તે મુનાફિક તૈયાર થયો અને જમનના ઝરીએ ઝહેર આપવાના હીલાની તદબીર કરવા લાગો. રસૂલુલ્લાહ બાવાજીની હઝરતમાં પૈશ થયો અને કહ્યું કે, યા નબીયલ્લાહ! મને ખૂબ મન છે કે, મેં આપના વાસ્તે મારા હાથોથી બનેલા હલ્વાને પૈશ કરૂં. હું તેને આવતી કાલે આપની ખિદમતમાં પૈશ કરીશ. તેંએ પોતે રવા, શકર અને ઘીથી હલ્વો બનાવો પણ તે શરીરે તેમાં એવું ઝહેર ઊમેરૂં કે, ઝબાન પર મુકતાને સાથે જ અસર કરવાનું ચાલુ કરી દે અને તેને જમનાર તરત જ ફૌત થઈ જાય. હલ્વાને ઝહેર સાથે બરાબર મિલાવીને એક પ્લેટમાં ખાલી કરી દીધો અને બીજે દિન સવારે રસૂલુલ્લાહ બાવાજી પાસે હાઝિર થયો.

તે શરીર મુનાફિક કહેવા લાગો કે, અય મોહંમદ રસૂલુલ્લાહ! મેં આપના વાસ્તે આ નઝરનો હલ્વો બનાવીને લાવો છું. હું આપથી ઘણી મોહબ્બત કરૂં છું અને મેં મારા હાથથી બનાવીને લાવો છું. આપ મારા હક્કમાં દોઆ કરજો. **મને ફરઝંદ થયા છે અને તે વાસ્તે આપને હલ્વો જમાડવાની નઝર માની હતી.** ઝોહરની નમાઝનો વક્ત કરીબ થયો. નબી સાહેબે કહ્યું કે, અય ભાઈ! તમેં બેસો, સુકૂન રાખો. મને નમાઝ પઢી લેવા દો. પછી હું આરામથી તમારો હલ્વો જમીશ. તે મુનાફિક બોલો કે, ના સાહેબ! હું અરઝ કરૂં છું કે, આપ જલ્દીથી આ હલ્વો જમી જાવ, કેમકે આપની ખુશી હાસિલ કરવામાં મને તાખીર મન્ઝૂર નથી.

નબી સાહેબે હલ્વો ભરેલી પ્લેટ લીધી અને કઈ હાજિત વાસ્તે અંદર એક ગોશામાં ગયા. જે વક્ત આપે હલ્વો જમવા વાસ્તે હાથ દરાઝ કીધો કે, હલ્વા માંથી એક આવાઝ આવી. કહેવા લાગી કે, યા રસૂલલ્લાહ! આપ મને ના જમો. **મારામાં ઝહેર મિલાવેલું છે.** મને બનાવનાર જે આ મુનાફિક છે તે આ ખતરનાક ઝહેરથી આપને મઝર્રત પહોંચાવવા માંગે છે. આપ મને મુઆફ કરો, પણ આપ મને જમજો ના. નબી સાહેબ રસૂલુલ્લાહ હુશિયાર થઈ ગયા અને તે મુનાફિકને તલબ કીધો અને પૂછું કે, શું તુંએ આ હલ્વામાં ઝહેર મિલાવું છે? તેએ જવાબ આપો કે, હાઁ! સબબ એ હતો કે, મારા સાથીઓ આપની નુબૂવત પર તોહમત લગાવતા હતા અને મારા દિલમાં પણ શક-શુબેહ નાંખી દીધો હતો. લેહાઝા, આપની નુબૂવતનો ઈમ્તેહાન લેવા મેં આ હરકત કીધી છે. જો આપ સાચા નબી હશો, તો આ હલ્વો જમા બાદ

(બકીયાહ પેજ નં. ૨ પર)

**દૌલતમંદનું આજ-કાલ કરવું, ઝુલ્મ છે.**

(પેજ નં. ૪ નું બાકી)
તેમાં મિલાવેલું ઝહેર આપને કઈ અસર કરશે નહીં. જો આપના દાઅવામાં જૂઠ હશે તો ફૌરન આપને તેનો અસર થાશે અને આપ ફૌત થઈ જાશો.

નબી સાહેબે તે મુનાફિક સામે જ હલ્વાની પ્લેટ લીધી અને જમવા લાગા. પૂરો હલ્વો આપ જમી ગયા. મુનાફિક આપના ચહેરા સામે જોતો રહ્યો. આપને ઝરા પણ અસર ઝહેરનો ના થયો. મુનાફિક આપના કદમો પર પડી ગયો અને નવેસરથી આપના હાથ પર કલેમો પઢો. પૂછું કે, યા રસૂલલ્લાહ! આપને કોએ ખબર કીધી કે, આ હલ્વો ઝહેરવાલો છે, **હાલાંકે યહાઁ તો આપ અને મારા સિવાય કોઈ હાઝિર નથી!!** આપે ફરમાવું કે, "**ખુદ હલ્વાએ મને ખબર કીધી.**" આપનો આ જવાબ સાંભલીને તે જાણે પોતાની જગા પર થીજી ગયો અને થોડા વક્ત બાદ ખુદને પુખ્તા અકીદાનો અને પાકો સાફ દિલનો પાયો. તેના દિલો દિમાગ માંથી તમામ નાપાકી, નિફાક અને શક દૂર થઈ ગયો હતો. યહાઁ તક કે, તે નબી સાહેબનો મુખ્લિસ ખાદિમ બની ગયો. મુશ્રિકોને જે વક્ત આ વાકેઆની ખબર પહોંચી તો તેમાંથી ચંદ આપની મુલાકાત વાસ્તે આવા. તે ખાદિમની ઝબાનથી નબી સાહેબનો મોઅજિઝો સાંભલો તો જે લોગોના દિલમાં દીને ઈસ્લામ વાસ્તે થોડી પણ જગા હતી, તેના દિલોમાં આપના મોઅજિઝાનું નૂર દાખિલ થયું અને તેઓ આપના હાથ ઉપર દોબારહ મુશર્રફ બિલ ઈસ્લામ થયા.

અય મુમેનીન! હર ઝમાનમાં ખુદાતઆલાના નબીએ તેના દીનની હક્કાનીયતને સાબિત કરવા અને નબીની નુબૂવતને ઔજ બખ્શવા નબીનો જલ્વો, નિશાનીઓ અને મોઅજિઝા બતાવેલા છે. કાફિરોએ નબીને ઈઝા પહોંચાવવાની યા મિટાવવાની લાખ કોશિશો કીધી, મગર તેનાથી ઉલટું એ થયું કે, **નબીની શાનો અઝમત ઔર બલંદ થઈ.** આજે આલે મોહંમદના ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના દાઈ મસ્નદે મોહંમદી પર જલ્વાઅફરોઝ છે. ખુદાતઆલાની આ દાઅવતનું નૂર મુમિનના દિલમાં નૂર મુજબ જ દાખિલ થાય છે, પણ મુનાફિક-દુશ્મનના દિલમાં તે નૂર આગની જલન જેમ કામ કરે છે. હર જગા પર, હર મૌકા પર મુનાફિકો સાહેબે હક્કને બિલા કોઈ કુસૂર અને વજેહ ટારગેટ બનાવે છે. તેઓ આ વાતથી જાહિલ-ગુમ્રાહ છે કે, દાઅવતનો જેને પણ કોઈ તરહનો દરજો મિલે છે તે ખુદા તરફથી હોય છે. તેના પર આઁચ લાવી શકે એવી ઈન્સાનની કોઈ મકદૂર નથી. મુનાફિકોની સોચ ખૂબ જ હલકી અને ખોખલી હોય છે અને આના લીધે જ તેઓ દુનિયા-આખેરત બેવે બિગાડી બેસે છે.

લહૂ દાઅવતુલ હક્ક ✯

## દોઆએ કુમૈલ

મૌ. કુમૈલ બિન ઝિયાદ અન-નખઈ (રિ.અ.) રિવાયત કરે છે કે, એક દિન હું મારા મૌલા અમીરૂલ મુમેનીન (અ.સ.) ના નઝદીક બેસેલો હતો. તે જગા ઘણા બધા અસ્હાબ હાઝિર હતા. નમાઝનો વક્ત કરીબ થયો તો મસ્જિદુલ બસ્રામાં સઘલા જમા થયા અને નમાઝ પઢા બાદ મૌલાએ ઈલ્મી મજલિસ મુન્અકિદ કીધી. તે મજમાઅ માંથી કોઈએ સવાલ કીધો કે, અય મૌલા! કુરઆને કરીમમાં અલ્લાહતઆલા આ જુમ્લો ફરમાવે છે કે, "**ફીહા યુફરકો કુલ્લો અમરિન હકીમ**", આની માઅના શું થાય? આમાં અલ્લાહની મુરાદ શું છે?

આપ મૌલાએ જવાબમાં ઈરશાદ ફરમાવો કે, "આ આયતમાં જે રાતની ઝિક્ર છે તે શાઅબાનુલ કરીમના લયલતુન્નિસ્ફની છે. તે ૧૫ મી રાત મુબારક છે. ખુદાના કસમ! જેના હાથમાં મારો જાન છે, મારી મૌત છે, મારી ઝિંદગી છે. મારૂં રિઝકે કરીમ છે અને હઝ્ઝે મુબીન છે. આ રાતમાં હર બંદા વાસ્તે ખૈર અને શર લિખાય છે. કઈ તરહ લિખાય કે, **આ લયલતુન્નિસ્ફથી શુરૂ થાય અને પૂરા સાલના દરમિયાન દફતરે આઅમાલમાં લખાયા કરે,**
(બકીયાહ પેજ નં. ૭ પર)

**જવાન શખ્સનું ઈબાદત વાસ્તે આજ-કાલ કરવું, કુફ્ર છે.**

## નિસ્બત અને માંગનું – અપની ઝબાન

પાંચમાં ફાતેમી ઈમામ મૌલાના જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, કોઈ બી મરદને ઈદતે વફાતમાં જે વક્ત બૈરોના મરદ ગુઝરી ગયા હોય તે વક્ત ઈદતની હાલતમાં નિસ્બતની અરઝ - માંગનું કરવું જોઈએ નહીં. અરબીમાં નિસ્બતની વાત ઝાહિરી તૌર પર કરવાને **"ખિત્બત"** કહેવાઈચ. જેની મનાઈ આવેલીચ, મગર ઈશારાથી યા વાતના દરમિયાન પોશીદા તૌર પર **"તાઅરીઝ"** (અરઝ કરવાને) ની રઝા આવેલીચ. વક્તે ઈદત બૈરોને બહેતર તરીકાથી અને અચ્છા કલામથી ઈશારો કરી સકેચ. મસલન, તમેં આમ છો, આમ છો અને મેં બી આમ છું, આમ છું વગૈરહ, તાકે તે બૈરો આ ગુફતગૂના મતલબ અને મકસદને જાની લે. ખુલ્લું માંગનું ના કરે, જહાઁ તક કે ઈદતની મુદત પૂરી થાય.

આપ મૌલા ફરમાવેચ કે, મારા બાવાજી મૌલાના ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) સકીના બિન્તે હન્ઝલાના ઘર પર તશરીફ લઈ ગયા કે, જે સકીનાના મરદ વફાત થઈ ગયા હતા. આ સકીના આપના કાકાજીના દીકરી હતા. ઈમામ આલી મકામ સલામ પઢીને ફરમાવેચ કે, અય મારા કાકાજીના દુખ્તર! ખુદા આપને સલામત રાખે અને ખૈર સી રાખે. સકીનાએ જવાબમાં કહ્યું કે, "મેં આપ પર ફિદા થઈ જાઉં, અય રસૂલુલ્લાહના ફરઝંદ! આપની દોઆ સી મેં ખૈર સી છું અને આપ સી ખૈરની જ ખ્વાસ્તગાર છું." આપ મૌલાએ ફરમાવું કે, તમેં જાનો છો કે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને અલી (અ.સ.) સાથે મારી સું કરાબત છે? જે દીન પર તમેં છો તે ઈસ્લામમાં મારો સું હક્ક છે? અરબમાં મારૂં ઘર અને મારૂં ખાનદાન કિવું છે!! સકીનાએ ફરમાવું કે, ખુદા આપને ઈઝઝતો જલાલથી નવાઝે, **"અય અબૂ જાઅફર! સું આપ મારી ઈદતમાં જ મારૂં માંગનૂં કરોચ?!"** આપે ફરમાવું કે, મેં ઈમ નથી કીદું, મગર મેં તો મારી મન્ઝેલત અને મારા મકામને તમારે નઝદીક ઝાહિર કીદોચ. ખુદા તમારા હમગમને દૂર કરજો.

અય સકીના! તમેં અપના જદ્દે-અમજદ રસૂલુલ્લાહ બાવાજીનો કિસ્સો તો જાનતા જ હસો. નબી સાહેબ આપના ઝમાનમાં ઉમ્મે સલમા બિન્તે અબી ઊમય્યહ અલ-મુગીરહ અલ-મખ્ઝૂમીના ઘર પર પધારા હતા. આ ઉમ્મે સલમા, આપના શૌહર અબી સલમાના વફાતથી બેવા થઈ ચુકા હતા, જે અબી સલમા એના કાકાના દીકરા હતા. નબી સાહેબે તે ઉમ્મે સલમા પાસે આપના મંઝેલત-દરજાની ઝિક્ર અને ખુદાતઆલાના નઝદીક આપનો સું મકામ છે તેની ઝિક્ર કરતા રહ્યા. એ લંબાનસી આપ ઝિક્ર કરતા રહ્યા કે, જે ચટાઈ પર આપ બેસા હતા અને તેના ઉપર આપે હાથને ટેકેલો હતો, તો આખિર આપની હથેલીમાં ચટાઈની સલીઓના નિશાન પડી ગયા હતા. આપની હથેલી લાલ-લાલ થઈ ચુકી હતી. નબી સાહેબનું આ મુજબ વાત કરવું કઈ ઉમ્મે સલમા પર હાલતે ઈદતમાં માગનું-નિસ્બતની અરઝ નહોતી.

નબી સાહેબે જે વક્ત ઉમ્મે સલમા પર માંગનું કીદું, તે પહેલા તો ઘના બદા કુરૈશના મ્હોટા લોગો તેના પર માંગનું કરી ચુકા હતા. ઉમ્મે સલમાએ તમામને ઈન્કાર કરી દીદો હતો. થોડા વક્ફા બાદ ઉમ્મે સલમાએ નબી સાહેબને કહેરાવું કે, યા રસૂલલ્લાહ! મેં મ્હોટી ઉંમરવાલી બૈરો છું અને મારા પાસે મ્હારા બચ્ચાઓ-ઔલાદ છે. **મેં ગૈરતની સખ્ત છું યાઅની કે, ગરમ મિઝાજ છું કે જેનો મિઝાજ જલ્દી બદલઈ જાય હિવી છું.** નબી સાહેબે ફરમાવું કે, અય ઉમ્મે સલમા! તમેં મ્હોટી ઉંમરના છો તો મેં તમારા કરતા વધારે મ્હોટો છું અને તમારા નઝદીક તમારી ઔલાદ છે, તો જાની લેજો કે, તમારા બચ્ચાઓ રસૂલુલ્લાહના બચ્ચાઓમાં દાખિલ રહેસે. હવે રહી ગૈરતની વાત યા જલ્દી ગુસ્સો આવવાની વાત તો મેં ખુદાના નઝદીક તમારા હક્કમાં દોઆ કરીસ કે, ખુદા તમારી તે તકલીફને દફાઅ કરસે.

(બકીયાહ પેજ નં. ૯ પર)

**આલિમ શખ્સનું કોઈ સવાલના જવાબ વાસ્તે આજ-કાલ કરવું, જોહલ છે.**

# અલ-અકાઈદુલ અલવીયાહ : કિસ્ત - ૩

## અલવી અકીદાઓ - (અકીદો-૩)

**મુકદ્દેમો-પ્રસ્તાવના:**

દીને ઈસ્લામ એકોકારી પર છે. અલ્લાહતઆલાની વહેદાનીયત તેના દીન, ઈસ્લામમાં હર રૂક્ન અને હર ગોશામાં જોવા મિલે છે. જો આમ ના હોય તો દીનની બંદિશ વેર-વિખેર થઈ જાય. નબી અને વસી પોતાના દરજામાં એક છે અને તેઓની કોશિશ આ જ હતી કે, ઉમ્મતમાં ઈત્તેહાદ રહે, ઈત્તેફાક રહે. મગર જે મુજબ આગલા નબીયોમાં ઉમ્મતના ભાગલા પડી ગયા અને રાહે હક્ક પર થોડા જ રહ્યા, તે મુજબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ફરમાવવા મુજબ ના ચાલવાના સબબ ઉમ્મતે મોહંમદીયહ બેશુમાર ફિરકાઓમાં-વાડાઓમાં તકસીમ થઈ ગઈ. ઈમામે હક્ક યા ઈમામે આલે મોહંમદે (સ.અ.) બતાવેલી સિરાતે મુસ્તકીમ પર ખૂબ થોડા મુમેનીન રહ્યા અને તેઓ હર ઝમાનમાં મઝલૂમીની ઝિંદગી ગુઝારતા રહ્યા. આજે પણ એવો જ દૌર છે.

**"શીઆ"** નું નામ ફક્ત મૌલાના અલી (અ.સ.) થી તઅલ્લુક રાખતું નથી. પણ મૌ. આદમ સફીયુલ્લાહથી લઈને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તક શયતાની-ઈબ્લીસી તાકતો સામે લડનાર, જેહાદ કરનાર અને હક્કના ધણીનો સાથ આપનાર હરએક મુમિને મુખ્લિસ શીઆ છે. જે સાહેબ અલ્લાહતઆલા તરફથી તેના દીનના મુહાફિઝ હોય, તે સાહેબના હક્ક અને દરજા મુજબ માનનારા લોગો શીઆ છે. જે મુજબ મૌ. અલી અને આપની આલ હક્કથી અલગ નથી અને હક્ક તેઓથી જુદા નથી, તેમ આલે અલીની મસ્નદે પાક પર કાઈમ થાનાર દોઆત ને માનનાર પણ શીઆ છે. પણ જો જે લોગોએ હક્કના સાહેબને સમઝવામાં ગલતી કીધી, બીજાને માની લીધા, દરજામાં ઊચા કે નીચા કરી દીધા, તો તે લોગોનો રૂહાની તઅલ્લુક હક્કના સાહેબ સાથે બરકરાર રહેતો નથી અને તેઓની શીઈયતની શનાખ્ત ખત્મ થઈ જાય છે. આજ તક એવા સેંકડો ફિરકા થઈ ચુકા છે જે મૌલા અલીનું નામ તો લે છે, પણ આપના હક્ક અને દરજાને સમઝતા નથી. આ બુનિયાદી ગલતી અને સખ્ત ગુમ્રાહીના સબબ આ લોગોના ઈલ્મો અમલ ખોખલા થઈ ચુકા છે. આપનો વસાયત-વસી હોવાનો દરજો છોડીને આપને કોઈ ખુદા માને છે, કોઈ ઈમામ, કોઈ ખલીફા, કોઈ હુજ્જત, કોઈ વલી, કોઈ ફરિશ્તા વગૈરહ.

હરએક ગુમ્રાહ ફિરકા-વાડાએ પોતાનું એક નવું નામ આપીને તે મુજબ ઈસ્લામી અકીદાઓ, રસ્મો અને તાઅલીમાત માંથી જે અસલી અને બુનિયાદી ચીઝો તે લોગોના ખયાલી ઢાંચામાં બરાબર બેસી તેને અપનાવી લીધી. એવા પણ ઊસૂલે શરીઅત હતા જે આ બનાવટી ફિરકાઓના ખયાલાતથી બિલકુલ ખિલાફ હતા, તે તમામની બાદબાકી કરીને યા તેમાં ફસાદદાર વાતોને મિલાવીને, લોગોને ઊલટી પટ્ટી પઢાવીને, જૂઠી હદીસો અને વાકેઆતની કિતાબો લખાવીને પોતાની એક અલગ જ શનાખ્ત બનાવી દીધી. વક્ત ગુઝરતા અને આ ફિરકાઓના આકાઓનો નઝરીયો અને નિય્યતો બદલાતા તેઓના આઅમાલ અને અકીદાઓમાં પણ ફેરફાર આવતા ગયા. **ઈસ્લામી તાઅલીમાત ફક્ત વાતોંમાં રહી ગઈ અને તેઓનું પોતાને મુસલમાન કહેવું ફક્તને ફક્ત ઝબાન પર રહી ગયું.** તેઓ ખુદને મુસલમાન તો આસાનીથી કહી દે છે, પણ તેઓના ઈલ્મો અમલ ઈસ્લામે અસલીથી કોસો દૂર છે અને તેઓ બીજા કરતા કંઈ અલગ દેખાવવાની હરિફાઈમાં ચૂરચૂર છે.

બાતિલ ફિરકાઓના અકીદા-રસમો-ખયાલો-માન્યતાઓ તે વાડાથી તઅલ્લુક રાખનારા જાહિલ કહેવાતા મુસલમાનોને જ બંધનકર્તા હતી કે, જેના સબબ તે લોગોના તહેવાર, વેપાર, વહેવાર, વિચાર, દીની ફરઝો, સમાજી ઊસૂલો, મઝહબી લવાઝેમાત બદલાઈ ગયા અને તેઓની અલગ-મુન્ફરદ પહેચાન કાઈમ થઈ.
(બકીયાહ પેજ નં. ૫ પર)

**બૈરોનું પોતાના મરદની ખિદમત કરવા વાસ્તે આજ-કાલ કરવું, બેશરમી છે.**

(પેજ નં. ૪ નું બાકી)

ઝબાન-લિબાસ-જમણ-રહેણી-કરની તમામે તમામ ચીઝોમાં ફરક આવી ગયો. આ તરહ સાચા અને ખોટા અકીદામાં ઈમ્તિયાઝ થાવા લાગો. આલે મોહંમદના હક્કના ઈમામને તાબેઅ રહેનારા મુમેનીન (શીઆ) સાચા-અસલી અકીદાઓથી વલગી રહ્યા અને ગુમ્રાહ-બનાવટી ઈમામોના ફરેબમાં આવી જાનાર લોગો મનઘડીત ખોટા અકીદા-બિદઅતોનો શિકાર બની બેસા.

કોઈ પણ ગિરોહ-ગ્રુપ હોય કે, જેના રઈસ-સરદાર હોય તેના સાથે તે ગિરોહના લોગો કોઈ પણ તરહના બંધનથી જોડાયેલા રહે છે. તો જ તે ગિરોહની બંદિશ સચવાયેલી રહે. આ બંધનો, તે ગિરોહના આઅમાલ, રિવાજો અને માન્યતાઓ મુજબ અને તેની ખુસૂસી વક્ત પર ખુસૂસી અદાયેગીથી તે લોગોને એકબીજા સાથે બાંધીને રાખવામાં અહમ કિરદાર અદા કરે છે. ગિરોહની આ બંદિશને **"અકીદો"** કહે છે કે, જેનું બહુવચન (જમાઅ) "અકાઈદ" થાય છે. "અકીદો" એક ગાંઠ-ગિરહને કહે છે, જે ઈન્સાનને ખાસ તરીકએ અમલથી બાંધીને રાખે છે.

**અકીદો ૩ - અલ્લાહતઆલા એક છે.**

અલ્લાહતઆલા એક છે, વાહિદ છે તેનો શુમાર કોઈ અદદથી, આંકડાથી કે ગિન્તીથી ના થઈ શકે. કોઈ પણ તરહના વધારા-ઓછપથી પણ તે આઝાદ છે. તે અલ્લાહ એક છે, ખાલિક છે પણ તેની પૈદાશુદા ચીઝો જોડકાઓમાં છે, નર-માદા છે. આ પૈદાઈશો એવી છે કે, તેમાં અંદર-બાહર, ઉપર-નીચે તેમજ તેની તરકીબ-બનાવટમાં ઈખ્તેલાફ-ફેરફાર થાયા કરે છે. તેનો સબબ એ છે કે, તેમાં હરકત છે અને તે હરકત તેની પૈદાઈશથી ઝાહિર થાય છે. જે વક્ત કોઈ પણ ચીઝ આ દુનિયામાં પૈદા થાય છે, તો તેના વુજૂદની કૈફીયત અને કુદરતના ઘણા સબબો હોય છે. આ સબબોનો ઈત્તેફાક અને એકબીજા સાથેનો રાબેતો-તઅલ્લુક યા કડીઓ અલ્લાહતઆલાની વહેદાનીયતની દલીલ છે.

બીજું એ કે, અલ્લાહતઆલાની પૂરી ખલ્કત-કાએનાતના અંદર-બાહરના પહેલૂ હોય છે અને તે એક જગા પર કાઈમ રહેતા નથી યા તેની એક જેવી જ હાલત રહેતી નથી. પણ તરહ-તરહની તબીઅતની આ દુનિયામાં વક્ત જાતા તેમાં ઘસારો, કમ્ઝોરી, તૂટફૂટ, તબ્દીલી અને અછત લાગુ પડે છે. લેહાઝા, તેમાં નુકસાન અને નફો થાવાનો સબબ પૈદા થાય છે. આ તરહ તેને બીજી કોઈ સૂરતમાં નકલ થાવું પડે છે અને જો તેમાં નુકસાન વાકેઅ થાય તો તેને બરાબર કરવા વાસ્તે યા કમાલીયત પર પહોંચાવવા વાસ્તે તેને હુશિયાર કારીગરની ઝરૂરત પડે છે, જે તેની તબીઅત-પૈદાઈશ-બનાવટનો જાણકાર હોય. તે ચીઝની હર સૂરતથી વાકિફ હોય. આ કારીગર એક જ હોય, જે આ દુનિયામાં વુજૂદમાં આવનારી તમામ ચીઝોની સિફત અને તબીઅતોને જાણતો હોય . આ જ એક મોટી દલીલ છે કે, અલ્લાહતઆલા એક છે, વાહિદ છે.

અલ્લાહતઆલા સિવાય બીજી તમામ ચીઝોનું હમેશા રહેવું-બાકી રહેવું મુમ્કિન નથી, મગર તે તમામ તે અલ્લાહની ઝાત તરફ મોહતાજ છે. તે અલ્લાહની શાન છે, હિકમત છે, કબઝો છે કે તે કઈ ચીઝને બાકી રાખે અને કઈ ચીઝને મિટાવી દે. અલ્લાહતઆલા ગણતરીના આંકડા બનાવવાવાલો છે તેથી કોઈ મખ્લૂકની તાકત નથી કે, તેની ઝાતે આલીને ગણી શકે. જેને કોઈ ગિન્તી લાગું પડતી નથી તેને આખિર "એક" કહેવાય. મખ્લૂક મજબૂર છે કે, અલ્લાહને એક કહેવો પડે છે, આ નિશાની પણ અલ્લાહ પોતાના કિતાબ કુરઆનમાં ફરમાવે છે. જો કોઈ પણ એક ગિન્તીમાં અલ્લાહને મુકવામાં આવે તો તેની હદબંધી થઈ જાય. અલ્લાહતઆલા ઈન્સાનના ઝહેનની તમામ ગિન્તીઓ કરતા ઊંચો છે, આઅલા છે, તેથી તે એક છે જેના વુજૂદનો ઈન્કાર થઈ શકે નહીં. ✩

**ઔલાદનું પોતાના માઁ-બાપની ચાકરી કરવા વાસ્તે આજ-કાલ કરવું, અહેસાનફરામોશી છે.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ
### કિસ્ત-૩૯

### સાહેબે ઈલ્મ (આલિમ) ની દોઆ લોગોને અઝાબે ઈલાહીથી બચાવી શકે છે

મૌ. યાઅકૂબ બિન મૌ. ઈસ્હાક (અ.સ.) બાદ આપના ફરઝંદો માંથી બની ઈસરાઈલની કૌમ હાલના ઈરાન અને ઈજીપ્તના દરમિયાન ખૂબ મોટા ઈલાકામાં મુખ્તલિફ કબીલાઓમાં ફેલાયેલી હતી. આ કબીલાઓ જે જે જગા પર રહેતા હતા ત્યાં મોટા શહેરો જેવી આબાદી નઝર આવતી હતી. ખુદાતઆલાના કરમથી આ આબાદીઓમાં વક્તન-ફ-વક્તન હકીમો, આલિમો અને નબીયો મબ્ઊસ થયા. તમામ લોગો મુમેનીન માંથી ન હતા. મગર ખુદાતઆલા તરફથી મોકલવામાં આવેલા હિદાયતનુમા ગામે ગામ ફિરીને, સફરની શિદ્દતને બરદાશ્ત કરીને, લોગો તરફથી થાતી ઈઝાને ઉચકીને ખુદાનો પૈગામ પહોંચાવતા હતા. લોગોને રાહે રાસ્ત-સિરાતે મુસ્તકીમ, નૈકી અને અચ્છાઈ તરફ લાવવાની કોશિશ કરતા હતા. નબીયોના ગુઝરવા બાદ તે જે આબાદીમાં પરચમે હિદાયત લઈને ઊભા થયા હતા, તો તે પરચમ નીચે ના આવી જાય તે વાસ્તે એવા પરહૈઝગાર લોગોને તે આબાદી માંથી જ તૈયાર કરી ગયા હતા કે, જે નબીયોની ગૈરહાઝરીમાં લોગોને દીનના રસ્તા પર કાઈમ રાખે અને બુતપરસ્તીથી દૂર રાખે.

ફારિસ મુલ્કમાં એક એવું મોટું શહેર હતું કે, જેમાં બની ઈસરાઈલની કૌમના દૌલતમંદો અને ઝરદારો રહેતા હતા. માલો દૌલતની ખુમારી-ઘમંડમાં ચકચૂર હતા. મોટા-મોટા આલીશાન મહેલોમાં રહેતા હતા. પોતાની જ દુનિયામાં ખોવાયેલા હતા. તે વક્ત ખુદાતઆલાએ તે ઝમાનાના નબી પર વહ્ય-પૈગામ ઉતારો કે, તે નબી આ લોગોના શહેરમાં જાય અને તેઓને કહે કે, તમેં સઘલા ગુનાહખોરી અને બદ્દીનીમાં ખૂબ આગલ વધી ગયા છો. તે વાસ્તે તમેં તૈયાર રહો કે, **તમારો રબ તમારા આ શયતાની કરતૂતોથી નારાઝ છે, ગઝબનાક છે.** તમારા શહેર પર અન-કરીબ અઝાબે ખુદાવંદી નાઝિલ થાશે. તમને કહેરે ઈલાહીનો સામનો કરવો પડશે.

ખુદાના નબી ફૌરન પોતાના મદદગારો સાથે તે આબાદીમાં ગયા અને પૈગામે ઈલાહીને હરફન-હરફન પહોંચાવી દીધો. જંગલની આગ મુજબ તે પૈગામ પૂરી આબાદીમાં ફેલાઇ ગયો. તે શહેરના બુઝુર્ગો જમા થાવા લાગા અને પોતાના જવાનોને અઝાબના ડરથી આગાહ કરવા લાગા. તમામ ફિકરમાં પડી ગયા. **જે બેગુનાહ હતા તેઓ દિન-રાત આહોઝારી કરવા લાગા.** પછી બુઝુર્ગોને કૌમ એમ મુત્તફિક થયા કે, તમામ મૈદાનમાં જમા થાય અને ખૂબ-ખૂબ તૌબા કરે. પોત-પોતાના ગુનાહોંને બખ્શાવે. આ તરહ એક મોટા મૈદાનમાં બધા જ જમા થયા અને ઝોર-ઝોરથી આહો બુકા કરવા લાગા. તેમાંથી ત્રણ બુઝુર્ગો-આલિમોએ તમામને ચુપ કીધા, ઈત્મિનાન અપાવું અને કહ્યું કે, તમેં સઘલા તમારા ઘરમાં ચાલા જાવ. હમેં ત્રણ જણા યહાઁ મૈદાનમાં રૂકીએ છીએ અને ખુદાતઆલાની રઝામંદી વાસ્તે દિન-રાત દોઆ કરીશું. હમેં ત્રણ તે વાસ્તે કાફી છે કે, ખુદાની ખુશી તલબ કરીને હમારા શહેરની હિફાઝત વાસ્તે મઝબૂત કોશિશ કરીએ.

તમામ લોગો જે વક્ત પોતાના ઘર તરફ ચાલા ગયા તો ત્રણે ઝમીન પર સજદો દઈને દોઆ કરવા લાગા. તેમાંથી એકે એમ દોઆ કીધી કે, અય ખુદાતઆલા! આપે હમને એમ હુકમ કીધો છે કે, હમેં મિસ્કીનોં-મોહતાજોને કોઈ પણ હાલતમાં રદ ના કરીએ, નાઊમ્મીદ ના કરીએ. તો અય હમારા રબ! હમેં આજે આપના નઝદીક મિસ્કીનોં છીએ, આપ હમને નાઊમ્મીદ ના કરો. બીજા બુઝુર્ગે દોઆ કરતા કહ્યું કે, રબ્બના! રબ્બના! આપે જ હમને હુકમ કીધો છે કે, અગર કોઈ હમારા ઉપર ઝુલ્મ કરે તો હમેં તેને મુઆફ કરી દઈએ. આજે હમારો હાલ એવો ખસ્તા છે કે, **હમેં ખુદ હમારી ઝાત પર ઝુલ્મ કરી બેસા છીએ.** તો આપ હમને મુઆફી ફરમાવો. તીસરા બુઝુર્ગે દોઆના કલેમાત કહ્યા કે, અય હમારા રાઝિક! આપે હમને હુકમ કીધો છે કે, હમેં ગુલામોં ને આઝાદ કરી દઈએ. તો હમેં

(બકીયાહ પેજ નં. ૭ પર)

**દૈનદારનું લૈનદારને કરઝ ચુકવવા વાસ્તે આજ-કાલ કરવું, ફકીરી છે.**

(પેજ નં. ૬ નું બાકી)

આપની બારગાહમાં ઈલ્તેજા કરીએ છીએ કે, આપ હમને, ગુલામોંને આપના અઝાબથી આઝાદ કરી દો.

અય્યામો તક આ જ મુજબની દોઆ તે ત્રણે આલિમો-બુઝૂર્ગો કરતા રહ્યા. તે શહેરના લોગો તેઓની ખબરગીરી કરવા આવતા રહ્યા. આખિરકાર એક દિન તે જ નબી તે શહેરમાં પાછા પધારા. તમામ લોગો તે નબીને જોઈને ખુશ-ખુશ થઈ ગયા. તે નબીને લોગો મૈદાનમાં લઈ આવા કે, જે જગા પર અય્યામોથી ત્રણ બુઝુર્ગો મશ્ગૂલે દોઆ હતા. નબીએ જે વક્ત આ અમલ નઝરોથી જોયો તો આઁખો માંથી આંસૂ જારી થઈ ગયા. કહેવા લાગા કે, **અય લોગો! ખુદાતઆલા તરફથી હું તમને બુશ્રા-વધામણી-ખુશખબરી આપવા આવો છું.** આ ત્રણ બુઝુર્ગોના સબબ અને તેમની દોઆના તુફૈલમાં તમારા શહેર પરથી ખુદાએ તમામ અઝાબને રદ કરી દીધો છે. ખુદાતઆલાએ તમારા તમામ ગુનાહ મુઆફ કરી દીધા છે.

અય મુમેનીન! આ હિકાયતનો સબક આજના આઝાદીના દૌરમાં અને તંગ હાલાતમાં ખૂબ કારગર સાબિત થાય છે. જમાઅતની હિફાઝત અને સલામતી સાહેબે દાઅવતને સાથે સાથે બુઝુર્ગાને કૌમના હાથમાં જ છે. તે વાસ્તે દોઆ અને કોશિશ, અઝાબને ટાલવા વાસ્તે મોટું હથિયાર છે. ખુશ્નૂદીએ રબ હાસિલ કરવા દોઆ હમારા દીનનો પાયો છે. દોઆ કરવાની આદત રાખવાથી નિય્યતની પાકીઝગી અને અમલની પુખ્તગી ખુદ-બ-ખુદ થઈ જાય છે. બદ-અકીદાના લોગોની બદ-નઝરથી જમાઅતના જવાનોને બચાવવા વાસ્તે દોઆ કારગર નુસ્ખો છે. સાહેબે દાઅવતના તરફથી થયેલી દોઆ કીમીયાઈ અસર રાખે છે. તે ઝર્રાને આફતાબ પણ બનાવી દે છે અને લોહાને સોનું પણ બનાવી દે છે. પસ્તને બલંદ કરી દે છે અને બલંદને ખાકમાં મિલાવી દે છે. ઝમાનો શાહિદ છે કે, દુશ્મનાને દાઅવતો મિલ્લતની ખાના ખરાબી તય છે અને મોહિબ્બાને દાઅવતો મિલ્લતની ખાનાઆબાદીમાં કોઈ શક રહેતો નથી. ✫

---

(પેજ નં. ૨ નું બાકી)

યહાઁ તક કે, બીજા વરસની આ મુજબની રાત આવે. ગુનાહોંને મંજાવવાની રાત છે. નહીં તો પછી મગફેરત કૌન કરશે!!"

આપ મૌલાએ ફરમાવું કે, "ખુદાના કસમ! હર મુમિને પરહૈઝગાર પર લાઝિમ છે કે, તે આ રાતને ઝાયેઅ ના કરે. આ રાતમાં જાગે, તેને એહયા કરે. ઈબાદતથી આ રાતને રૌશન કરે. ઝરૂરથી તેમાં મૌ. ખિઝિર (અ.સ.) ની દોઆની તિલાવત કરે. આ અમલથી ખુદા તે બંદાની દોઆને રદ નહીં કરે. આ રાતની કદર ઘણી ભારી છે. **નાની લયલતુલ કદર છે.**"

જે વક્ત સઘલા અસ્હાબ ચાલા ગયા અને મૌલા પણ મસ્જિદ માંથી તશ્રીફ લઈ ગયા, તે વક્ત મૌ. કુમૈલ કહે છે કે, હું તને તન્હા મૌલાના બૈતે શરફ તરફ ગયો અને રાતના ગહેવારામાં આપના ઘરનો દરવાઝો ખટખટાવો. કીધું કે, મૈં કુમૈલ છું. મૌલાએ પૂછું કે, રાત ઘણી ગુઝરી ચુકી છે, કઈ હાજિતથી આવા છો? મૈં અરઝ કીધી કે, અય મૌલા! આપે મસ્જિદમાં મૌ. ખિઝિર (અ.સ.) ની દોઆ મુબારકની જે ઝિકિર ફરમાવી તે કઈ દોઆ છે? આપે ઈરશાદ ફરમાવો કે, "અય કુમૈલ! તમેં યહાઁ મારા સાથે બેસો. **જે દોઆ હું બતાઉં તેને તમેં હિફ્ઝ-યાદ કરી લો.** મુમ્કિન હોય તો, હર જુમ્આની રાતે યા સાલમાં એક મરતબા લયલતુન્નિસ્ફની રાતે યા પૂરી ઉંમરમાં એક વક્ત જો તમેં આ દોઆ પઢશો, તો અલ્લાહતઆલા તમને હર ચીઝથી કિફાયત કરી આપશે, યારી દેશે, રિઝક અતા કરશે, હર હાજિત વાસ્તે રસ્તો કરી આપશે અને તમને કોઈ વક્ત મગફેરત અછત નહીં થાય. તમેં આ દોઆથી ખૂબ ફાયદો હાસિલ કરજો. અય કુમૈલ! અલ્લાહતઆલાનો તમારા ઉપર કરમ છે કે, તમને મારી સોહબત મયસ્સર થયેલી છે. તમેં મને જે સવાલ કરો છો, તે બ-ફઝલિલ્લાહ મૈં તમને અતા કરૂં છું. **અય કુમૈલ! તમેં લિખી લો. આ દોઆ તમારા દિલમાં નકશ થઈ જાશે.**"

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

**એક દોસ્તનું બીજા દોસ્તને મદદ કરવા વાસ્તે આજ-કાલ કરવું, બેમરૂવતી છે.**

## દજ્જાલ – કિસ્ત-૧

૧૨ માં ફાતેમી ઈમામ મૌલાના અબુલ કાસિમ મોહંમદ અલ-કાઈમ (અ.સ.) મહેદીયહ શહેરમાં આપના બાવાજી સાહેબ ૧૧ માં ઈમામ મૌલાના અબ્દુલ્લાહ અલ-મહેદી (અ.સ.) ના ૩૨૨ હિ. માં ઈન્તેકાલ પુર-મલાલ બાદ તખ્તે ઈમામી ફાતેમી પર જલ્વાઅફરોઝ થયા. આપે આપના બાવાજી સાહેબના બાદ લોગો-અવામ તરફથી અને બિલ-ખુલૂસ મુમેનીન તરફથી બયઅત લીધો. તે વક્ત આપની ઉંમરે શરીફ ૪૭ સાલની હતી. આપના આબાએ તાહેરીન-અહલુલ બૈત (અ.સ.) ની પાક સીરત, જે ખુદાના તકવા પર અને શરીઅતે મોહંમીયહ પર હતી, તે જ સીરત પર આપ હતા. બનૂ ઊમય્યહ, બનૂ મરવાન અને બનુલ અબ્બાસના દુનિયાદાર હાકિમોની નાપાક સીરત અને યઝીદી સૂરતના બિલકુલ ખિલાફ ઈમામે આલે મોહંમદ (અ.સ.) ની સીરત હતી.

આપ મૌલાની ૧૩ સાલની ઈમામતના દૌરાન ઘણા દાવેદારોએ સરકશી કીધી. બગાવતનું માથું ઊંચું કીધું. એક-એક કરીને તમામ હલાક થયા, વાસિલે જહન્નમ થયા. **તે બાગીઓ અને નારીઓ માંથી એક દજ્જાલ ખારિજી મુખ્લિદ બિન કૈદાદ પણ હતો.** તે ખારિજીએ ફિત્નાની આગ ભડકાવી. એવી બદખયાલી પર સવાર હતો કે, લોગોને અવ્વલ-સાનીને માનવાનું કહેતો અને સાલિસ સાથે મૌલા અલી (અ.સ.) ને નઊઝોબિલ્લાહ બરાત કરવાનું કહેતો હતો. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ચંદ અસ્હાબને માનતો અને બીજા પર લાઅનત-મલામત કરતો. શરીઅતની ઘણી બધી ચીઝો જે હરામ હતી તેને હલાલ સમઝતો હતો. દિન-બ-દિન મહેદીયહ શહેરના આસપાસના ઈલાકાઓમાં તે દજ્જાલની તાકત અને ખૌફ વધતો જાતો હતો. તેનો ખૌફનાક ચહેરો જોઈને લોગો ડરમાં વાકેઅ થઈ જાતા હતા.

દજ્જાલે પહેલા પોતાના ફિત્નાવર સાથીદારો સાથે જબલે ઔરાસ પર કબ્ઝો કીધો અને તે જગાનો હાકિમ અબૂ અમ્માર અલ-આઅમાએ દજ્જાલની તાકત સામે પોતાના હથિયાર નાંખી દીધા અને તેની મોહિમમાં તેના સાથે થઈ ગયો. આ બેવે લઈનોએ ઈમામી હુકૂમતને ખિલાફ આ જગા પરથી લોગોને મારવાનું શુરૂ કીધું. કત્લે આમ કીધું. ફિત્ના-ફસાદથી ઝમીનને ભરી દીધી. બૈરોની બેહુરમતી કીધી. ઈઝઝતો ઈફ્ફતને સરે બાઝાર દાગદાર કીધી. ઝિનાખોરી અને હરામકારીનો નાપાક સાયો દરાઝ થયો. બચ્ચાઓને તલવારની ધાર પર ઉડાવવા લાગા. બેવે લઈનોએ એલાન કરાવું કે, **હમને સાથ આપનાર ખારિજીઓ સિવાય તમામ મુસલમાનનો જાન અને માલ હલાલ સમઝવામાં આવે.** જે કોઈ પણ હમને રોકશે તેને હમેં મોતને ઘાટ ઉતારી દઈશું અને માલો મતાઅ, ઘરબાર લૂંટી લઈશું.

આ લઈનો દજ્જાલ અને અલ-આઅમાનો નાપાક મકસદ મહેદીયહ શહેર પર કબ્ઝો જમાવવાનો હતો. અલવી-ફાતેમી દૌલત અને ઈમામતને મિટાવવાનો હતો. ઈમામે હક્કના પરચમને નીચે લાવવાનો હતો. આ ખારિજીઓ મહેદીયહ પહોંચે તે પહેલા તે બાગાયહ, નિયા, મરજાનહ, રક્કહ, સબીયહ, અદનસ, બાહા, કેરવાન, સૂસહ વગૈરહ ઘણા ગામો પર કબ્ઝો કરતા ગયા. ખાના-ખરાબી કરીને કહેર બરપા કરતા ગયા. મહેદીયહને નઝદીક કેરવાનને તબાહ કરી દીધું. કહેવા લાગા કે, “અય કેરવાનવાલા! તમારૂં શહેર કેરવાન બરબાદ થયું તો શું થઈ ગયું! મક્કા, મદીના અને બયતુલ મુકદસ પણ એક ઝમાનામાં બરબાદ કરવામાં આવા હતા. લોગોને લૂંટવામાં અને ઘરોને જલાવવામાં આવા હતા.”

કેરવાન પર હૌલનાક અને દહેશતનાક હાદેસાઓ ગુઝરા. આ ખારિજીઓની મુખાલેફત કરનાર ઈમામે હક્કના ઈમાનદારો બુઝુર્ગો-બૈરાઓ-જવાનોના હાથ-પગના ટુકડાઓ કરવામાં આવા. પેટ અને શમરગાહોંને ચીરવામાં આવા. શહેરના દરમિયાન તેઓના લાશાઓને ઘરવખરી સાથે નઝરે આતિશ કરવામાં આવા. આ ફિત્નો (બકીયાહ પેજ નં. ૧૨ પર)

**તાકતવર શખ્સનું કોઈ કમ્ઝોરનું કામ કાઢવા વાસ્તે આજ-કાલ કરવું, તકબ્બુરી અને ગુસ્સો છે.**

(પેજ નં. ૩ નું બાકી)

હવે, જે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ઉમ્મે સલમા સાથે નિકાહ કીદા અને તેને ઘરે લાવા, તે વક્ત ઉમ્મે સલમા એ અરઝ કીદી કે, યા રસૂલલ્લાહ! મેં આપને જે તન વાતો કહેરાવી હતી તે કઈ વધારે કોઈ હિવી વાત ન્હોતી કે, આપ તેને દિલ પર લો. પન મને તે હરગિઝ પસંદ ન્હોતું કે, મ્હારે અંદર કોઈ ઐબ હોય અને મેં આપને તેની કોઈ ખબર ના કીદી હોય.

અય મુમેનીન! ઉપર મઝકૂર વાકેઆ સી આ વાત રૌશન થાઈચ કે, બૈરોનો વતીરો, તરીકો અને સલીકો કિવો હોવો જોઈએ. બૈરોની સંજીદગી અને પરહેઝગારી તેના રવૈયા અને વાતચીતમાં ઝલકવી જોઈએ. કોઈ બૈરોના શૌહર ગુઝરી જાય અને તે બેવા થાય, તો તેનો અને તેના ઘરવાલાનો તેના બીજા નેક મરદ સાથે નિકાહ કરી આપવાનો કિવો દસ્તૂર અને કોશિશ હોવી જોઈએ. દીને ઈસ્લામે બૈરોને પોતાની ઝિંદગી સંવારવા અને ઈઝઝત સાથે બસર કરવાના ઘના સુનેહરી મૌકાઓ આપાચ. કોઈ સબબ સી મરદ ગુઝરી જાય તો તે બૈરો ઈદ્દત બાદ ફૌરન બીજા નિકાહ કરીને પોતાનું ઘર વસાવી સકેચ, ઈફ્ફતને સાચવી સકેચ અને પોતાના સર પર શૌહરની શરમો હયાનો પરદો નાંખી સકેચ.

અય મુમેનીન! હાલમાં અપની જમાઅતમાં ૨૦૦ થી કરીબ બેવાઓ છે. બાઝ કિસ્સાઓને છોડીએ તો ઘના બદા એવા બેવા બૈરાઓ ગૈર-શાદીશુદા છે, જેએ પોતાનું ઘર કોઈ સબબ સી પાછું વસાવું નથી. ઘના તો બીજાના આસરે ઘરમાં બેસેલાચ. એવા બેવા બૈરો જે બીજા નિકાહ કરી સકેચ તેની ઔલાદ અને ઘરવાલાને ખૂબ ગૌરો ફિકર કરીને કોશિશ કરવી જોઈએ. અપને તાં ઘના મરદો પણ ખાલી છે, જેના બૈરો ગુઝરી ગયાચ અને તેઓ બીજા બૈરો સાથે નિકાહ કરવાની ઉમ્મીદ રાખેચ. એવા મરદ-બૈરો કે જે પોતાની ઝિંદગીના ઝઈફીના વરસો, પાકી ઉપરના સાલો તન્હા ગુઝારેચ કે જેના નઝદીક કોઈ દિલની વાત કરનાર યા સાંભલનાર હોતું નથી, તે લોગો વાસ્તે ઝિંદગી ખાલી, કડવી અને તન્હાઈભરી બની જાઈચ. તન્હાઈની હિવી હાલતમાં બીમારી કે બીજી કોઈ તકલીફ આવી જાય તો તે ઝઈફની સું હાલત થાય! ભલેને ઔલાદ હાઝિર હોય તો પન તેની એક હદ્દ છે. શરીકે હયાત હોય તો ઝિંદગી ખુશહાલ અને તાઝગીભરી બની જાઈચ.

અય મુમેનીન! સાહેબે દાઅવત આ વાસ્તે આપના બયાનમાં ઘની હિદાયત આપેચ. બૈરો યા મરદ કે જેના શરીક-ઝૌજ ગુઝરી ગયા હોય અને તેઓ બીજી શાદી ની ઉમ્મીદ રાખતા હોય તો તેમની ઉમ્મીદ અને રઝામંદી દરમિયાન ઔલાદને, રિશ્તેદારોને યા બીજાને દખલઅંદાઝી ના કરવી જોઈએ. મગર રાઝી-ખુશી સી, સમઝી-બુઝીને બેવા બૈરો યા એ તરહના મરદની ઝિંદગી આસાન થાય તે વાસ્તે હર કોઈ ઔલાદ કે રિશ્તેદારોને રસ્તાઓ હમવાર કરવા જોઈએ. કદીમ ઝમાનામાં અપને તાં બેવા બૈરાઓ ઝિયાદહ અરસા તક ઘરમાં એકલા રહેતા ન્હોતા મગર શિતાબીથી બીજા નિકાહ કરી દેતા હતા. આ અમરમાં પહેલામાં પહેલા તેના ઘરના લોગો તરફથી પૈશકશ અને કાર્યવાહી શુરૂ થાતી હતી. આ તમામ ચીઝો ઉપર ગૌર વિચાર કરીને આ સિલસિલામાં આવતી અડચનો, રૂકાવટો અને દિક્કતોને દૂર કરીને બેવા બૈરો જેને ઘર કરવુંચ તેમને નુસ્રત કરીને એવા એકલા મરદોના ઘર આબાદ કરીએ કે, જેઓ પોતાના મનની વાત કે દુઃખ-દર્દ ને બીજા કોઈના આગલ નથી કરી સક્તા. આ વાસ્તે જે ઉમ્મીદવાર અને ખ્વાસ્તગાર મરદ-બૈરો હોય તે સાહેબે દાઅવતની વિઝારતમાં અરઝ ગુઝારી સકે છે. ખુદાતઆલાનો જો કરમ થયો અને આકા મૌલા (ત.ઉ.શ.) ની દોઆઓનો સાથ હસે તો ઝરૂર આ મુહિમમાં બહેતર નતીજા આવી સકસે.

વલ્લાહો આઅલમો બિસ્સવાબ ✫

**ભુખાને પેટ ભરીને જમણ જમાડવું મોટી સઆદત છે.**

## દરસે લિસાનુદ્દાઅવત

# بے نور نا صاحبو

خدا تعالى نا نور سي ته نا أنبياء (ع م) ما نور چھے۔ أنبياء نا سبب ته ني مخلوق ما نور چھے۔ مخلوق ما سي أفضل ما أفضل أنبياء واسطے تيؤنا أوصياء۔قائم مقام هوئي چھے۔ پهلا ما پهلا نبي اوپر جه نور خدا سي نازل تهيو ته تيؤنا وصي ما اوترے چھے۔ ته نو سبب يه چھے كه، نبي نا جاوا بعد وصي ته نور نا مالک انے وارث بنے چھے۔ ايک نور هوئي ته نا اوپر بيجو نور هوئي ج چھے۔ وصي نا نور پر نبي نو نور هوئي ج چھے۔ ايک نور جائي ته ني جگه بيجا نور نا صاحب لئي ج لے چھے۔

مؤمنين نو اسلام و ايمان آ ج نور سي رچائيلو چھے۔ محمد المصطفى (ص) سي نور اسلام ظاهر تهيو۔ آ نور علي المرتضى (ع) ما منتقل تهيو، تو آپ مولى سي نور ايمان ظاهر تهيو۔ آ بيوے نور آپ مولى ني نسل مطهر جه آ دنيا ما جاري تهئي، ته ما جاري چھے، ثابت چھے۔ إمام الزمان (ع) انے داعي الزمان (ط) آ بيوے نور نا مظهر چھے، سرچشمه چھے، ممبع چھے۔ آ نور محمدي انے نور علوي سي ج آ فاني دنيا ما نور حق پهيلائيلو چھے۔

رجب المرجب نو مهينه ته نور علوي ني ياد چھے انے شعبان الكريم نو مهينه ته نور محمدي ني ياد چھے۔ آ بيوے مهينه، نبي انے وصي نا نور سي منور چھے۔ ايک رحمان نو نور چھے انے بيجو رحيم نو نور چھے۔ بيوے اهوي جنتان چھے كه جه جگه ما مؤمنين قائمي پناه لے چھے۔ آ بيوے نور سي نور إلهي حاصل تهائي چھے۔ شهر الله المعظم ما نور الهي نو فيض اوج پر هوئي چھے۔ هر ايک مؤمن آ فيض سي بهرپور فائده اوٹهاوے چھے۔

رجب المرجب انے شعبان الكريم مهينه ني عبادتو شهر الله ني عبادت ساتھے جوڑائيلي چھے۔ نور الهي، نور محمدي انے نور علوي ساتھے وابسته چھے۔ مؤمنين آ مهيناؤ ما روزه انے نماز ني پابندي ساتھے خوب عبادت كرے چھے۔ آ طرح مؤمنين ني زندگي نا هر گوشه ما نور ونكهيرائي چھے۔ آ نا سي ايک حقيقي مؤمن هوواني تصوير اوبهي تهائي چھے۔ هر عمل ما ته نو اثر نظر آوے چھے۔ هر كلام ما حق ني چاشني ٹپكے چھے۔ هر نظر ما خدا ني محبت نكهرے چھے۔ آ ج تو چھے نوراني مؤمنين هوواني نشاني۔ مبارک مهينه ني عزة و عظمت، نوراني مؤمنين ج سمجهي سكے چھے۔

તાકત હોવા છતા ગુસ્સાને પી જાવું મોટી સઆદત છે.

## બે નૂરના સાહેબો

ખુદાના નૂરસી તેના અંબિયા (અ.સ.) માં નૂર છે. અંબિયાના સબબ તેની મખ્લૂકમાં નૂર છે. મખ્લૂક માંથી અફઝલમાં અફઝલ અંબિયા વાસ્તે તેઓના ઔસિયા-કાઈમ મકામ હોય છે. પહેલામાં પહેલા નબી ઉપર જે નૂર ખુદા સી નાઝિલ થયું તે તેઓના વસીમાં ઉતરે છે. તેનો સબબ એ છે કે, નબીના જાવા બાદ વસી તે નૂરના માલિક અને વારિસ બને છે. એક નૂર હોય તેના ઉપર બીજું નૂર હોય જ છે. વસીના નૂર પર નબીનું નૂર હોય જ છે. એક નૂર જાય તેની જગા બીજા નૂરના સાહેબ લઈ જ લે છે.

મુમેનીનનું ઈસ્લામો-ઈમાન આ જ નૂર સી રચાયેલું છે. મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) થી નૂરે ઈસ્લામ ઝાહિર થયું. આ નૂર અલીયુલ મુરતઝા (અ.સ.) માં મુન્તકલ થયું, તો આપ મૌલા સી નૂરે ઈમાન ઝાહિર થયું, આ બેવે નૂર આપ મૌલાની નસલે મુતહ્હર જે આ દુનિયામાં જારી થઈ, તેમાં જારી છે, સાબિત છે. ઈમામુઝઝમાન (અ.સ.) અને દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) આ બેવે નૂરના મઝહર છે, સરચશ્મા છે, મમ્બાઅ છે. આ નૂરે મોહંમદી અને નૂરે અલવી સી જ આ ફાની દુનિયામાં નૂરે હક્ક ફેલાયેલું છે.

રજબુલ મુરજ્જબનો મહીનો તે નૂરે અલવી ની યાદ છે અને શાઅબાનુલ કરીમનો મહીનો તે નૂરે મોહંમદી ની યાદ છે. આ બેવે મહીના, નબી અને વસીના નૂર સી મુનવ્વર છે. એક રહેમાનનું નૂર છે તો બીજું રહીમનું નૂર છે. બેવે એવી જન્નતાન છે કે, જે જગામાં મુમેનીન કાઈમી પનાહ લે છે. આ બેવે નૂર સી નૂરે ઈલાહી હાસિલ થાય છે, શહરૂલ્લાહિલ હરામમાં નૂરે ઈલાહીનો ફૈઝ ઔજ પર હોય છે. હરએક મુમિન આ ફૈઝથી ભરપૂર રૂહાની ફાયદો ઉઠાવે છે.

રજબુલ મુરજ્જબ અને શાઅબાનુલ કરીમ મહીનાની ઈબાદતો શહરૂલ્લાહની ઈબાદત સાથે જોડાયેલી છે, નૂરે ઈલાહી, નૂરે મોહંમદી અને નૂરે અલવી સાથે વાબિસ્તા છે. મુમેનીન આ મહીનાઓમાં રોઝા અને નમાઝની પાબંદી સાથે ખૂબ ઈબાદત કરે છે. આ તરહ મુમેનીનની ઝિંદગીના હર ગૌશામાં નૂર વંખેરાય છે. આના સી એક હકીકી મુમિન હોવાની તસ્વીર ઉભી થાય છે. હર અમલમાં તેનો અસર નઝર આવે છે. હર કલામમાં હક્કની ચાશની ટપકે છે. હર નઝરમાં ખુદાની મોહબ્બત નિખરે છે. આ જ તો છે નૂરાની મુેમનીન હોવાની નિશાની. મુબારક મહીનાની ઈઝઝતો અઝમત, નૂરાની મુમેનીન જ સમઝી શકે છે.

**મુશ્કિલ અલ્ફાઝ :**

| | | |
|---|---|---|
| અફઝલ-બહેતર | ઝાહિર-ખુલ્લું | મુન્તકલ-નકલ થાવું |
| નસલે મુતહ્હર-પાક ઔલાદ | મઝહર-ઝાહિર થાવાની જગા | મમ્બાઅ-કોઈ ચીઝની નિકલવાની જગા |
| જન્નતાન-બે જન્નતો | ઔજ-ઉંચું. ✯ | |

(પેજ નં. ૭ નું બાકી)

પછી આ મુજબ આપ મૌલા દોઆ મુબારક પઢવા લાગા. “અલ્લાહુમ્મા ઈન્ની અસ્અલોકા બેરહમતેકલ્લતી વસેઅત કુલ્લા શયઈન...” અલ્લાહતઆલાએ મૌ. કુમૈલને આપ મૌલાની વલાયતના સાયામાં અને ખિદમતમાં જામે શહાદત અતા કીધું અને આપના રૌઝહ મુબારકહ કૂફાને નઝદીક મૌજૂદ છે. કરબલા-નજફ જાનાર મુમેનીન મૌ. કુમૈલની ઝિયારતથી મુશર્રફ થાય છે. આપના રૌઝહમાં આપની આ મખ્સૂસ દોઆ પઢવું હર ઝાઈર પર ઘણું જ પસંદીદહ છે. તે પઢવાથી ઝિયારતના શૌકમાં એક અજબ તાઝગી અને વલવલો પૈદા થાય છે. હર હાજિતનો નુસ્ખો મૌલાએ આ **દોઆએ કુમૈલમાં** મુકેલો છે. ✯

**પડોશી સાથે ખુશ-તઅલ્લુક રાખવો, મોટી સઆદત છે.**

## લફઝી કશ-મ-કશ

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✻ ઉભી તરકીબ :**

૧) સાચું જાણવાના બાવુજૂદ જો તમેં જૂઠું બોલશો તો ______ અઝાબ થાશે. (૨)

૨) ______ હાલાતમાં પણ અમીરૂલ મુમેનીન મૌલા અલી (અ.સ.) મિસ્કીનોને સદકો અતા કરતા હતા. (૩)

૩) યહાઁ દુનિયામાં જે આલીશાન ______ માં રહેશે અને જો સાથે નૈકી નહીં હોય તો આખેરતમાં તે બેઘર હશે. (૩)

૭) મસાઈબે વાકેયએ કરબલા સાંભલા તો આઁખોં આઁસૂઓથી ______ થઈ ગઈ. (૨)

**✻ આડી તરકીબ :**

૨) અલ્લાહતઆલાનું તે નામ કે જેની માઅના કરામતદાર અને સખી દિલ થાય છે. (૩)

૪) ______ અને ગમી, અલ્લાહતઆલાએ પૈદા કીધેલી ચીઝો છે જેના સબબ ઈન્સાનનો ઈમ્તેહાન થાય છે. (૨)

૫) ______ નું કામ આજે કરી લે અને આજે કરવાની નિય્યત હોય તો તે કામ હમણા કરી લે. (૨)

૬) ______ કરવું, નિકાહ કરવા અને ઈતર લગાવવું, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની સુન્નતો માંથી છે. (૩)

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | ઈ | | |
| | મ | ઝા | ક | |
| ઝા | તી | X | સી | ખ |
| | ન | ર | મ | |
| | | બ | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શાઅબાનુલ કરીમ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

(પેજ નં. ૮ નું બાકી)

થયો તે પહેલા લઈન દજ્જાલ પોતાનો ઝોહદ-પરહેઝગારી બતાવવા ગધેડાની સવારી કરતો હતો અને જાડા ઊની કપડા પહેરતો હતો. **તે વાસ્તે દજ્જાલને લોગો સાહેબુલ હેમાર-ગધેડાવાલો પણ કહેતા હતા.** પછી થોડી તાકત આવી અને ઉત્તરી આફ્રીકાના ઈલાકાઓ તેના કબ્જામાં આવા, તો તે લઈન રૈશમી કપડા પહેરવા લાગો અને ઊંચી નસલના ઘોડા પર સવાર થઈને વહેલી ફજરના અંધારામાં છુપીને માઅસૂમ લોગોની આબાદીઓ પર હમ્લા કરવા લાગો.

દજ્જાલના હાથમાં જે વક્ત કેરવાન આવી ગયું તો મૌ. ઈમામ અલ-કાઈમ (અ.સ.) એ આપની હુકૂમતના પાયએ તખ્ત મહેદીયહના ચોતરફ ખાઈઓ ખોદવાનો હુકમ કીધો. બાબુલ ફઝ્ઝ નામનો મહેદીયહનો એક આલીશાન દરવાઝો હતો, ત્યાં તક ખાઈ ખોદવામાં આવી. દજ્જાલ મહેદીયહના કરીબ આવો તો ખંદકુલ મહેદીયહથી આગલ ના વધી શકો. આ તે ખંદક હતી કે, જે મૌ. ઈમામ અલ-મહેદી (અ.સ.) ના ઝમાનામાં ખોદવામાં આવી હતી. સિપાહીઓને દરમિયાન આપે એમ ફરમાવું હતું કે, "મારા દીકરાના ઝમાનામાં મહેદીયહ પર એક આંખવાલો દજ્જાલ ચઢાઈ કરશે. તેની સૂરત શિમ્ર જેવી હશે." આપે એક તીર નિકાલો અને તે જગા પર ખોસો અને ફરમાવું કે, "**આ તીરની જગાથી આગલ દજ્જાલ એક કદમ પણ વધી નહીં શકે.**" આ ઝિકિરથી મૌ. ઈમામ અલ-કાઈમ (અ.સ.) વાકિફ હતા.

(બકીયાહ પેજ નં. ૧૬ પર)

**ઈલ્મ પઢવા સાથે બરાબર તે જ મુજબ અમલ કરવો, મોટી સઆદત છે.**

## માએદતો આલે મોહંમદ (સ.અ.)
## -:: પંજતની થાલ ::-

ઇબ્તેદા છે શુકે હક્કની પંજતન ના થાલ સી,
મુમિનોં ના ઘર માં બરકત છે અલી ના થાલ સી.
કામિયાબી મિલસે તમને પઢજો બિસ્મિલ્લાહ ઝરૂર,
હર મરઝની છે શિફા આ નેઅમતોં ના થાલ સી.
બેસજો પગ વાલીને ઘરમાં તમેં એક થાલ પર,
તંદુરસ્તી મિલસે તમને હર તરહની થાલ સી.
ફાતેમી ઘર છે નમૂનો જન્નતુલ ફિરદૌસ નો,
કીધી ઈઝ્ઝત ફાતેમાની હક્કએ બેશક થાલ સી.
થાલ સી મશ્હૂર છે ઈસ્લામની દુનિયામાં ઝિક્રિ,
છે હલાકી કાફિરોને, મુમિનોં ના થાલ સી.
માએદા પર સાત મુમિન બેસજો હર હાલમાં,
સાત દિનની નેઅમતોંની યાદ છે હાર થાલ સી.
બેસે દસ્તરખ્વાન પર કોઈ ખુલે સર બેઅદબ,
થાય છે રદ ફઝલે હક્ક તે જાહિલોં ના થાલ સી.
હર ખુશીયો ગમ સી છે ગહેરો તઅલ્લુક થાલ નો,
ગૈર મુમ્કિન છે જુદાઈ મુમિનોં ની થાલ સી.
છે નબીનો કૌલ કે જલ્દબાઝી છે શેયતાઁ નું કામ,
જલ્દી ના જમજો કે શેયતાઁ થાસે દાખિલ થાલ સી.
જમવા બેસો હાથ ધોજો ને નમક ને ચાખજો,
અક્લની, ઈલ્મો અમલની પુખ્તગી છે થાલ સી.
માનજો અહેસાન રબનું ગર કોઈ મહેમાઁ મિલે,
પાસો ખિદમત ના એવઝ માં નૈકીયોં ને થાલ સી.
નામ છે જમનાર નું લિખ્ખું હરએક દાના ઉપર,
રબ તલબ કરસે હિસાબ પડસે જે દાના થાલ સી.
આખિરી લુકમા ને લેવામાં ઘણી મિલસે જઝા,
ઉઠજો ના પણ સાફ કરજો કુલ જમનને થાલ સી.
લુકમો લઈને જમવાસી મિલસે સેહત લઝ્ઝતને સાથ,
હાથ સી જમવાસી મિલસે સબરો તાકત થાલ સી.
સુંઘસે જમવા પછી શયતાન ગંદા હાથ ને,
ચાટજો હાથોં ને ફૌરન થાજો ફારિગ થાલ સી.
એક વક્ત તો થાલ પર સાથે જમો ઘરમાં બધા,
દૂર થાસે રંજો ગમ, મિલસે મોહબ્બત થાલ સી.
આ વિરાસત તૈયેબી દાઅવતની મુમિનને મિલી,
છે ફઝીલત ને કરામત મુમિનોં ની થાલ સી.
કરબલા માં તીન દિનના ભૂખા થા મૌલા હુસૈન,
વક્તે શિદ્દત, શુક્રના લેજો સબકને થાલ સી.
હાતિમી દાઅવત નો પરચમ તા-અબદ કાઈમ રહે,
છે દોઆ મૌલાની મુમિન લે બરક્કત થાલ સી.
થાલ છે દાઅવત, દોઆતે હક્કની અન્વર જાનજો,
થાય છે ઝાહિર હરએક પલ નૂરે દાઅવત થાલ સી. ☆

## મરહૂમ ઝાકિર મુલ્લાં કુરબાનહુસૈન ગુન્નીવાલા ના મજમૂઆ માંથી માખૂઝ કસીદહ મુનીરહ દર મદહે આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.)

ઈસ રહેબરે કામિલ કો હમ ઔર તો ક્યા દેંગે,
હાઁ ઉમ્રે દરાઝી કી મૌલા કો દોઆ દેંગે.
તું નૂર કા હે ગુલ્શન, દાઅવત હે તેરી રોશન,
જો તુઝકો નહીં સમઝે, ક્યા લેંગે વો ક્યા દેંગે.
તું અઝમતે મુમિન હે, જન્નત કા ભી ઝામિન હે,
હે હમકો યકીં મૌલા, જન્નત ભી દિલા દેંગે.
દાઅવત કે ગુલિસ્તાઁ કા એક તું હી નિગેહબાઁ હે,
હર ખાર કો હમ તેરે ગુલ્શન સે હટા દેંગે.
તું કૌમ કા સુલ્તાઁ હે, તું દર્દ કા દરમાઁ હે,
મુમિન કા તું અરમાઁ હે, યે સબકો બતા દેંગે.
તું દિલબરે તૈયેબ હે, તું નાઈબે તૈયેબ હે,
સાબિત યે હકીકત કો હમ કૈસે ભુલા દેંગે.
વો ક્યા તુઝે પહેચાને, પડદા હે જિન આંખો પર,
ઉલ્ફત હે જિન્હેં તુઝ સે, વો જાઁ ભી લુટા દેંગે.
દાઅવત તેરી હક્ક પર હે, હે હક્ક કા ખુદા હામી,
તું વારિસે તૈયેબ હે, દાઅવે સે બતા દેંગે.
કાસિર હે ઝબાઁ મેરી, ક્યા મદહ કરૂં તેરી,
હે મુઝકો યકીં મૌલા, કૌસર કો દોઆ દેંગે. ☆

**દૌલત ના હોવા છતા ઝબાનમાં વઝન અને બાદશાહી અસર હોવો, મોટી સઆદત છે.**

## કસીદહ તૈયેબહ

મદ્રસહ તૈયેબહના એક જલસામાં અપની જમાઅતના નામવર શાઈર "તૈયેબી" એ ૧૩૮૦ હિ. માં તે વક્ત મદ્રસહના મોહતમિમ-પ્રિન્સીપાલ, ઈઝનના રૂત્બા પર ફાઈઝ સૈયેદી માઝૂનુદ્દાઅવત તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબની મદ્રસામાં કોશિશો તદબીરાતને મદ્દે નઝર રાખીને આપની સાલગિરાહ-મીલાદના ખુશ મૌકા પર તસ્નીફ ફરમાવેલો કસીદહ તૈયેબહ પૈશે ખિદમત છે.

હે ખુશી દુગની હમ કો ઔર હરએક દિલ શાદ હે,
હર તરફ સે દે રહેં મુમિન મુબારકબાદ હે,
નૂરે ચશ્મે શાહે નૂરૂદ્દીં જો હૈં અય તૈયેબી,
આજ ઈસ તૈયેબ ઝિયાઉદ્દીં કા ભી મીલાદ હે.

---------

મરહબા શુક્રે ખુદાવંદે નેઅમ આજ કે દિન,
આએ મહેફિલ મેં હે હઝરત કે કદમ આજ કે દિન,
કુછ નયા બઝમ કા હે જાહો હશમ આજ કે દિન,
દિલ પે છાઈ હે ખુશી દૂર હે ગમ આજ કે દિન,
લિલ્લાહ અલ-હમ્દ કે દિન પાએ યે હમ આજ કે દિન,
મૌલા તૈયેબ કા મુબારક હે જનમ આજ કે દિન.
અપના મન્સૂસ ખુદ હઝરત ને બનાયા હે ઈન્હેં,
દીને હક્ક કા જો હે સબ ઈલ્મ પઢાયા હે ઈન્હેં,
રાસ્તા અમ્રે ઈલાહી કા દિખાયા હે ઈન્હેં,
સારે કામોં મેં ઊલુલ અઝમ હે પાયા હે ઈન્હેં,
હાલ યે ઈસ લીયે હોતા હે રકમ આજ કે દિન,
મૌલા તૈયેબ કા મુબારક હે જનમ આજ કે દિન.
સાલ ઉન્તીસ મુબારક ઈન્હેં અલ્લાહ કરે,
ઉમ્ર છોટી હે મગર દિલ કે ઈરાદે હૈ બડે,
પૂરે વો હોવે જો કુછ દિલ મેં હૈ અરમાન ભરે,
રહેં દાઅવત કી ઝમીં મેં કદમ હર વક્ત ગડે,
કુછ નયા બઝમ કા હે જાહો હશમ આજ કે દિન,
મૌલા તૈયેબ કા મુબારક હે જનમ આજ કે દિન.
નૌજવાની કી ઉમંગ ઈન્કી હરએક બર આવે,
ફત્હ દાઅવત કે હરએક કામ મેં હર દમ પાવે,
અપને વાલિદ કે હર અંદાઝો અદા દિખલાવે,
અહલે ઈમાન જિસે દેખકે ખુશ હો જાવે,
મરદો ઝન બઝમ મેં આએં હૈં બહમ આજ કે દિન,
મૌલા તૈયેબ કા મુબારક હે જનમ આજ કે દિન.
ઈન્કી હોવે ન મુકમ્મિલ કહો ક્યૂંકર તાઅલીમ,
જિસ કો ખુદ દેવે ભલા દીન કે રહેબર તાઅલીમ,
ઈસ સે ફિર હોવે કહો કૌન સી બહેતર તાઅલીમ,
શાહ સે પાવે યે જબ શાહ કા દિલબર તાઅલીમ,
હે વો થોડા જો કરેં કુછ ભી રકમ આજ કે દિન,
મૌલા તૈયેબ કા મુબારક હે જનમ આજ કે દિન.
મદ્રસે કી ભી ખબર લેને યહીં આતેં હૈં,
બચ્ચે આ-આકે સબક આપ કો સુનવાતેં હૈં,
દૌરે આમૌખ્તા કા ફિર ઉસે કરવાતેં હૈં,
કામ ફિર સોંપ ખલીફોં કો ચલે જાતેં હૈં,
હે જો પિન્હા વો અયાઁ કરતેં હૈં હમ આજ કે દિન,
મૌલા તૈયેબ કા મુબારક હે જનમ આજ કે દિન.
ઈમ્તેહાઁ લેને કા શશમાહી જો વક્ત આતા હે,
હાઝરી કે લીયે હર મુબ્તદી આ જાતા હે,
બોર્ડ પર હરફ મુઅલ્લિમ ઉસે લિખવાતા હે,
પાસ જો હો ઉસે ઈન્આમ દીયા જાતા હે,
અય ખુશા બખ્ત કે દિન પાયે હૈં હમ આજ કે દિન,
મૌલા તૈયેબ કા મુબારક હે જનમ આજ કે દિન.
હર કલાસોં કે મુઅલ્લિમ જો હૈં યાઁ ઝુલ ઈકરામ,
આપકો આકે બતા જાતેં હૈં સબ અપના કામ,
દેખ કર કામ હર ઉસ્તાઝ કા યે નૈક અંજામ,
હોતેં હૈં ખુશ તો વો સબ જાતેં હૈં કર કરકે સલામ,
હુવા અલ્લાહ કા ક્યા લુત્ફો કરમ આજ કે દિન,
મૌલા તૈયેબ કા મુબારક હે જનમ આજ કે દિન.
જબ સે માઝૂઁ કે હે હોને કા લકબ હાથ આયા,
દીન કે કામ મેં કામિલ ઈન્હેં હર દમ પાયા,
ઈન્કા હર અમ્ર હરએક અહલે યકીં કો ભાયા,
હક્ક તઆલા કા હો અય તૈયેબી ઈન પર સાયા,
મિસ્રાઅ ક્યા ખૂબ યે લિખ્ખા ઝે-કલમ આજ કે દિન,
મૌલા તૈયેબ કા મુબારક હે જનમ આજ કે દિન.☆

**ફાખિર અને પાકો સાફ લિબાસથી દૌલતના અસરને ઝાહિર કરવું, મોટી સઆદત છે.**

## દરસે કુરઆને કરીમ

**સૂરતુલ ફાતેહા :**

૧) શુરૂ કરૂં છું હું અલ્લાહના નામથી જે ઘણો મહેરબાન છે, રહેમત વાલો છે.

૨) તમામ તાઅરીફ-હમ્દો સના અલ્લાહ વાસ્તે છે, જે તમામ જહાનોંનો પરવરદિગાર-પાલનહાર છે.

૩) ઘણો મહેરબાન, રહેમતવાલો છે.

૪) જઝાના દિનનો માલિક છે.

૫) અય અલ્લાહ! તારી જ ઈબાદત હમેં કરીએ છીએ અને તારાથી જ મદદ હમેં તલબ કરીએ છીએ.

૬) ચલાવ તું હમને સીધા રસ્તા ઉપર.

૭) તે લોગોના રસ્તા ઉપર (તું હમને ચલાવ) કે જેને તુંએ નેઅમત બખ્શી. તે લોગો ઉપર તું ગુસ્સે નથી થયો (યહૂદીઓની મુજબ) અને ના તે લોગો ગુમ્રાહ છે. (ઈસાઈયોની મુજબ). ☆

## કલામે નબવી

કિતને સાદા મિઝાજ હૈં હમ લોગ,
કિતની સીધી સી બાત કહેતેં હૈં.
યાઅલી એક બોરીયા નશીન કો હમ,
સરવરે કાએનાત કહેતેં હૈં.

-----------

ક્યૂંકર હો તાઅત સરવરે આલી જનાબ કી,
ઝર્રો સે મદદ ક્યા હો ભલા આફતાબ કી,
બાદે ખુદા હે આપ હી કી ઝાત મુસ્તજાબ,
વો શાન હે હમારે રિસાલત-મઆબ કી.☆

## ઝિંદગીમાં ઉતારવા જેવું

✷ એક ખૂબ પ્યારો લફઝ - "**આપણે**".

✷ બે ખૂબ ઈખ્લાસભરા લફઝો - "**તમારો શુક્રિયા**".

✷ ત્રણ ખૂબ મનગમતા લફઝો - "**તમને ગમે તો ...**"

✷ ચાર ખૂબ ઈઝ્ઝતભરા લફઝો - "**તમારો મશવરો શું છે ?**"

✷ પાંચ ખૂબ તાઅરીફભરા લફઝો - "**તમેં ખૂબ સારૂં કામ કીધું**".

✷ છ ખૂબ આજેઝાના લફઝો - "**હું દિલગીર છું, મેં ભૂલ કરી**". ☆

## તિજારત

**Classic Photo Studio**

Digital Passport Photo, Lamination, Visitor Visa Photo, Wedding, Family & Group Photography, Photos from Mobile, CD's, Pendrive & Other Media.

**ZEROX & LAMINATION AVAILABLE**

*NEWLY STARTED*

**Classic Arts**

Printing on Caps, T-Shirts, Mugs, Pillow Covers, Plates, Key Chains, Other Gift Articles & ID Cards.

***WHOLESALE & RETAIL***

**Shop No.3, Uvez Chamber, Nr. Sulemani Bank, Gendigate Road, Vadodara - 390017.**

**M.: 9904470498 / 9558649972** ☆

યા અલી મદદ

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઈસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ☆

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**

**" ઝૈબાઈશ "**

બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે, પાણીગેટ, વડોદરા.

**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ☆

**મકાન**

**બદરી મોહલ્લામાં બીજા માળે, ફ્રૂન્ટ સાઇડનું મકાન ભાડે અથવા વેચાણ થી આપવાનું છે.**

**ફોન : ૯૯૨૫૭૬૭૮૬૯** ☆

**કોઈ બેબસ દિલને સુકૂનો કરાર આપવો, મોટી સઆદત છે.** ☆

**ભલી વાત કહેશો તો ઝરૂર તમને ફાયદો થાશે અને બુરી વાત કરવાથી ચુપ રહેશો તો ઝરૂર તમેં ઝબાનની મુસીબતથી દૂર રહેશો.** ☆

**નમાઝ પઢવામાં સબર રાખવો, મોટી સઆદત છે.**

(પેજ નં. ૧૨ નું બાકી)

તે લઈન હથિયારો સાથે તે જગા પર આવીને અટકી ગયો જ્યાં મૌ. ઈમામ અલ-મહેદી (અ.સ.) એ તીર લગાવો હતો. તે જગાથી આગલ વધી ન શકો. લોગો ફિકરઅંગૈઝ થઈ ગયા કે, હવે મહેદીયહનું શું થાશે? ઈમામ આલી મકામ કઈ તરહ હમારી હિફાઝત કરશે! લોગોએ ગભરાઈને અરઝ કીધી કે, **"અય મૌલા! આપ કઈ તદબીર કરીએ. લશ્કરને મોકલીને દુશ્મનને ભગાવીએ."** પણ આપ બિલકુલ દજ્જાલના આવવાથી બેપરવા થઈને બેસી રહ્યા. લોગોને સુકૂન રાખવાનું ફરમાવું. પછી આપે અહલે મજલિસને ખિતાબ કરતા ફરમાવું કે, "મને તે લઈનને સામે જાવાની ઝરૂરત નથી. તે ખુદ તીરવાલી જગા ઉપર આવશે અને પછી ઊંધા પગે નાસી જાશે."

આપના અને આપના બાવાજી સાહેબના ફરમાન અને પૈશગોઈ મુતાબિક તે લઈન દજ્જાલ મુકર્રરશુદા તીરવાલી જગા પર આવીને ફૌરન તેના સાથીઓ સાથે કેરવાન તરફ પાછો નાસવા લાગો. આપ મૌલાને આની ખબર પહોંચી તો આપ ખૂબ ખુશ થયા અને મુમનીનને ખુશખબરી આપી. સઘલાને આપની કરામત અને પૈશગોઈ પર પૂરે પૂરૂં યકીન થઈ ગયું. મહેદીયહ શહેર ફિત્નાથી બચી ગયું. પછી તે લઈને આસપાસના જંગલોમાં આસરો લીધો. ☆

**બડૌદા**

**ઝમીંને બડૌદા સે હમ યૂઁ જુડે હૈં,**
**કે સર અપના ઊંચા ઉઠા કર ખડે હૈં,**
**કહાઁ જાએ હમ છોડ કર ઈસ ઝમીં કો,**
**બડૌદે કે એહસાન હમ પર બડે હૈં. ☆**

## દર મદહે હુઝૂરેપુરનૂર (ત.ઉ.શ.)

દાઈએ દીને હોદા, એક નૂર કી તસ્વીર હે,
ચાઁદ-તારોં મેં ઉસી કી આજ ભી તન્વીર હે.
અય શહે હાતિમ ઝકી, અય પૈકરે હુસ્ને અમલ,
તેરે દમ સે આજ ભી મિલ્લત કી યે તૌકીર હે.
માઅનીએ કુરઆઁ ભી તું હે, પારએ કુરઆઁ ભી તું,
સચ તો યે હે સૂરએ યાસીન કી તફસીર હે.
નાઈબે તૈયેબ હે તું લખ્તે દિલે તૈયેબ ઝિયા,
અઝમતોં કે આસ્માઁ પર નૈયરે તકદીર હે.
કિસ તરહ માનું કે પોશીદા હે નઝરોં સે ઈમામ,
તેરે જલ્વોં સે અયાઁ જબ દીન કી તૌકીર હે.
શર્ત હે હુસ્ને અકીદત અહલે દિલ કે વાસ્તે,
તેરે દર કી ખાક ભી મિટ્ટી નહીં ઈકસીર હે.
હશ્ર મેં કૌસર કો મૌલા ખૌફ હો કિસ બાત કા,
જો તેરે વાસિફ ભી હે, તેરે હી દામનગીર હે. ☆

**નોંધ :** **મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ☆

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ 100/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.